**–: દિવાની પરચુરણ અરજ નં. ૫/૨૦૨૬ ( મુળ એલ.એ.આર. કેસ નં.૨૭/૨૦૦૯) ના કામે આંક–૧ ની અરજી હેઠળ હુકમ :–**

**(૧)** અરજી તથા નાઝીરશ્રીનો શેરો વંચાણે લીધો તેમજ અરજદારો તરફે **વિ.વ.શ્રી જી.એમ.પરમાર** તથા સામાવાળાઓ તરફે **જિલ્લા સરકારી વકીલશ્રી જે.બી.રાજગોર** નાઓને સાંભળ્યા.

**(૨)** અરજદારના વિ.વ.શ્રીએ હાલની અરજી રજુ રાખી એવી રજુઆત કરેલ છે કે, " અમો અરજદારની ખેતી જમીન વડી ઈરીગેશન પ્રોજેકટ (કેનાલ) ના એલ.એ.કયુ. નં.૧૨/૨૦૦૫, તા.૧૧/૧૧/૨૦૦૮ ના રોજ અમો અરજદારની ખેતીની જમીન જેનો સર્વે નં.૭૭૬/૧ પૈકી હે.આરે.ગુંઠા.૦૦–૧૬–૩૦ જીરાયત જુની શરતની જમીનનું સંપાદન કરવામાં અવેલુ જે અંગેનો લેન્ડ રેફરન્સ કેસ નં.૨૭/૨૦૦૯ થી આપ નામ. કોર્ટમાં ચાલી ગયેલ છે અને તેનો ઠરાવ ગઈ તા. ૦૧/૦૯/૨૦૧૮ ના રોજ આપના પુરોગામી સાહેબ કિરણ પ્રભા હિરાલાલ દોહરે સાહેબે ઠરાવ તથા હુકમનામું જાહેર કરેલ છે જે મુજબ આ કામના સામાવાળા નં.૨ તરફથી વળતરની રકમ રૂા. ૫૫,૫૬૨/– (અંકે રૂપિયા પંચાવન હજાર પાંચસો બાસઠ પુરા) આપ નામ. સાહેબની કોર્ટમાં જમા થયેલ છે જે અમો અરજદારને ચુકવવા ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવા મહે. થશે. વધુમાં, આપ નામ. સાહેબની કોર્ટના એવોર્ડ વિરૂધ્ધ કોઈ વિવાદ થયેલ નથી કે નામ. ગુજરાત હાઈકોર્ટ કે નામ. સુપ્રિમ કોર્ટમાં કોઈ અપીલ કરેલ નથી કે હાલ કોઈ પેન્ડીંગ નથી. વધુમાં, સદર કામે હુકમ મુજબ જમા થયેલ વળતરની રકમ ઉપાડવા માટે થઈને આ પ્રથમ અરજ કરેલ છે અને આ સીવાય કોઈ અરજી કરેલ નથી કે અન્ય કોઈ અરજી પેન્ડીંગ નથી. આમ, સદર કામે આપ નામ. કોર્ટમાં જમા થયેલ રકમ **રૂા. ૫૫,૫૬૨/– (અંકે રૂપિયા પંચાવન હજાર પાંચસો બાસઠ પુરા)** ની રકમ કે જે આપ નામ. સાહેબના હુકમ મુજબ જમા થયેલ છે તે રકમ અમો અરજદારને એકાઉન્ટ પેઈ ચેકથી આપવા ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવા મહે. થશો." સબબે ની હકીકત જણાવી હાલની અરજ ગુજારેલ છે.

સદર અરજી અત્રેની અદાલતમાં દાખલ થતા સ ા માવાળાઓને નોટીસ ઈસ્યુ કરતા તેઓ જિલ્લા સરકારી વકીલશ્રી મારફતે આંક–૪ થી મેમો ઓફ અપીયરન્સ રજુ રાખી નામ. કોર્ટમાં

હાજર રહેલ છે.

(૩) વધુમાં આ કામે અરજદારના વિ.વ.શ્રી જી.એમ.પરમારનાઓએ જણાવેલ છે કે, સદર કામે અરજદારના કાંતાબેન બાલુભાઈ રોકડ ના નામે ચાલતી સ.નં.૭૭૬/૧ પૈકી હે.આરે. ગુંઠા.૦૦–૧૬–૩૦ જીરાયત જુની શરતની જમીન આ કામના સામાવાળાઓ દવારા વડી ઈરીગેશન પ્રોજેકટ(કેનાલ) બનાવવાના હેતુંથી સંપાદન કરેલ હતી અને આ કામના સામાવાળાઓએ અમારી આ જમીન ફરજીયાત સંપાદન કરી વળતર પેટે મામુલી રકમ ચુકવવામાં આવેલ હોવાથી સામાવાળાના એવોર્ડ વિરૂધ્ધ અરજદારોએ નામ. કોર્ટમાં વધુ વળતર મેળવવા લે.રે.કે. નં.૨૭/૨૦૦૯ દાખલ કરેલ જે નામ. અદાલતે મંજુર કરેલ હતો અને તે હુકમ મુજબ આ કામના સામાવાળાઓએ વળતરની રકમ **રૂા. ૫૫,૫૬૨/– (અંકે રૂપિયા પંચાવન હજાર પાંચસો બાસઠ પુરા)** નામ. અદાલતમાં જમા કરાવેલ છે તેમજ વળતરની રકમ અંગેનું ભવિષ્યમાં રકમ જમા કરાવવાની થાય તો તે અંગેનું અંડરટેકીંગ અરજી સાથે રજુ રાખેલ છે તેમજ હાલના કામે આંક–૩ થી દ.પુ.લીસ્ટ રજુ રાખેલ છે જે જોતાં માર્ક–૩/૧ થી લે.રે.કે.નં.૨૭/૨૦૦૯ ના હુકમનામાની ખરી નકલ રજુ રાખેલ છે તેમજ માર્ક–૩/૨ થી ૩/૪ થી અજરદારનાં પાનકાર્ડ, આધારકાર્ડ, તેમજ બેંક પાસબુકની ઝેરોક્ષ નકલો રજુ રાખેલ છે જે તમામ દસ્તાવેજો ઝેરોક્ષ તથા ખરી નકલ ના સ્વરૂપમાં છે જે જોતાં હાલના અરજદારના નામે એવોર્ડ થયેલ છે તે જ અરજદારે આ કામે જમા થયેલ વળતરની રકમ ઉપાડવા હાલની પેમેન્ટ અરજી કરેલ છે તે હકીકત રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. ત્યારે આ કામના સામાવાળાઓ તર્ફે આંક–૫ થી સદર કામે જમા થયેલ રકમ અરજદારને ચુકવવામાં આવે તો વાંધો નથી તે મતલબેની પુરશીશ રજુ રાખેલ છે.

(૪) ત્યારે હાલના કામે બંને પક્ષોની રજુઆત તથા અરજદાર તરફે રજુ રાખવામાં આવેલ આધાર પુરાવાઓ તથા અત્રેની કચેરીના નાઝીરશ્રીના શેરાની હકિકતો ધ્યાને લેતા આ કામના અરજદારે હાલની અરજી મુજબ કોર્ટમાં જમા થયેલી વળતરની રકમ મેળવવા હકકદાર હોવાનુ ફલિત થાય છે. આથી હુકમનામા મુજબ કોર્ટ ફી ની રકમ કાપવાપાત્ર થતી હોય તો તે રકમ કપાત કરી બાકી રહેતી રકમ અરજદારને તેઓના હિસ્સે આવતી રકમ શરતોને આધીન ચુકવી આપવા

માટેનુ મને ન્યાયી, વાજબી અને ઉચિત જણાઈ આવતુ હોઈ જેથી ન્યાયના હિતમાં હુ નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**<u>–: હુકમ :–</u>**

(૧) હાલની **દિ. પ. અ. નં. ૫/૨૦૨૬ ( મુળ એલ.એ.આર. કેસ નં. ૨૭/૨૦૦૯)** ના કામે હાલની અરજી અનુસંધાને આ હુકમથી **અરજદાર–કાંતાબેન બાલુભાઈ રોકડનાઓને ચુકવવાપાત્ર થતી રકમ ની એફ.ડી.આર.ની રકમ રીલીઝ કરી એફ.ડી.આર. રકમના વ્યાજસહીતની રકમ ઉપરોકત અરજદારને** યોગ્ય ગણતરી કરી અત્રેની કચેરીના નાઝીરશ્રીએ એકાઉન્ટ – પેઈના ચેકથી યોગ્ય ઓળખ લઈ ચુકવી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં હુકમ કરવામાં આવે છે કે અત્રેની કચેરી તરફથી અરજદારને ચુકવાયેલ રકમમાંથી કોઈ ઈન્કમટેક્ષની કપાત થયેલ ન હોઈ જેથી ભવિષ્યમાં ઈન્કમટેક્ષ વિભાગ તરફથી જો આવી કોઈ રકમની માંગણી કરવામાં આવે તો તે અંગેની જવાબદારી અરજદારની રહેશે તથા અરજદારને ચુકવાતી રકમ અંગે કોઈનો ભવિષ્યમાં કાનુની કલેઈમ મંજુર થાય તો અરજદારે આ ચુકવાતી રકમ આ કોર્ટમાં જમા કરાવવા બંધાયેલા રહેશે તે શરતે તેમજ આ ચુકવાતી રકમ સંબંધે ભવિષ્યમાં કોઈ કાનુની કલેઈમ મંજુર થાય તો આ ચુકવાતી રકમ આ કોર્ટમાં જમા કરાવી આપશે તે મતલબનુ સોગંદનામુ અરજદારે રજુ કરવું.

(૩) અત્રેની કચેરીના નાઝરશ્રીએ કોર્ટ ફી અંગે નિયમાનુસારની કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ **તા. ૧૧ મી, માહે : જુન, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. : ૧૧/૦૬/૨૦૨૬
સ્થળ : અમરેલી

**(સાહીલભાઈ રજાકભાઈ મુલતાની)**
પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ અને
અધિક ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ
અમરેલી
જી.જે. ૦૧૧૪૩